# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૭૬ તા.૩૦-૩-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા આગામી તા.૨-૪-૧૭ને રવિવારના રોજ પોલિયો નાબુદી ઝુંબેશનો રાઉન્ડ છે. તંદૂરસ્ત બાળક, સ્વસ્થ ગુજરાતની કલ્પનાને સાકાર કરવા ૦ થી ૫ વર્ષના ઉંમરના તમામ બાળકોને પોલિયોની રસી પિવડાવવી આવશ્યક છે.

આથી આ અંગેની જાગૃતિ ફેલાવવાના ભાગરૂપે મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં પ્રાર્થના સભામાં આ અંગેની વિદ્યાર્થીઓને સમજ આપી વાલીઓને જાગૃત કરવા તેમજ અભ્યાસ કરતા કોઈ બાળકોના નાના ભાઈ બહેન પોલિયોની રસી પિવડાવવાથી વંચિત ન રહે તેવી સૂચના આપવી.

તા. ૩૦-૩-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- આથી પરિવહન સુવિધાનો લાભ લેતી શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સ્કૂલ બોર્ડના પરિપત્ર નં.૧૬૫ તા.૮-૩-૧૬ મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૩-૧૭ સુધીની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી. જેના સંદર્ભે એસ.પી.ઓ. કચેરીનાં પત્ર ક્રમાંક એસએસએ/ એએસ/ ૨૦૧૭ /૯૨૯૯-૯૩૩૫ તા.૨૨-૩-૧૭ મુજબ પરિવહન સુવિધા બાળકોના મુલ્યાંકન સુધી આપવાની થાય છે એટલે કે એપ્રિલ માસમાં પણ જ્યાં સુધી બાળકો શાળામાં આવે ત્યાં સુધી (વાર્ષિક પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી) આ સુવિધા ચાલુ રાખવા જણાવવામાં આવે છે.